# ૩. ચકલીની ચાંચમાં ચમચી

વાર્તા : જંગલમાં આગ

અરે વાહ! આ તે કેવું સુંદર ગામ! જંગલ વચ્ચે કેવું સરસ શોભી રહ્યું છે! ગેંડો ગામમાં ફરતો હતો ત્યાં તે અચાનક થંભી ગયો. અરે આ શું? આ તો ઘુવડના ઘરમાં આગ લાગી. ગેંડો તો સીધો જ ગયો ગામના સરપંચ સિંહ પાસે. સિંહે તો તરત જ ગામમાં ફરીને સાદ પાડ્યો. ''તમારા ઘરમાં જે વાસણ હોય તે લઈને તરત જ તળાવમાંથી પાણી ભરી ઘુવડના ઘર પર પાણી છાંટો.''



સાદ સાંભળીને ચકલી તો ચમચી લઈને દોડી તળાવ તરફ પાણી ભરવા. કાગડો દોડ્યો કૂકર લઈને. કબૂતરના હાથમાં કીટલી ને વાઘના તો બંને હાથમાં ડોલ. ખિસકોલીના માથા પર વાટકી. સિંહ પણ સૌની સાથે માટલું લઈને દોડ્યો. ગામનાં સૌ પશુ-પંખીઓ હાથમાં વાસણો લઈ તળાવમાંથી પાણી ભરી ઘુવડના ઘરની આગ ઓલવવા લાગ્યા. વાંદરાભાઈ તો ઘુવડના ઘરમાં જઈ ચીજવસ્તુઓ બહાર કાઢવા લાગ્યા. સસલું થાળી લઈને અને હરણ હાથમાં તપેલી લઈને આગ પર પાણી છાંટવા જોડાયાં.

આગ એવી વિકરાળ હતી કે, શમવાનું નામ લેતી ન હતી. સૌ થાક્યાં અને મૂંઝાયાં. હવે શું કરવું ? ત્યાં તો સૌની નજર જંગલમાંથી આવતા હાથીઓના ટોળા પર ગઈ. ચાલીસ-પચાસ હાથીઓનું ટોળું તળાવમાંથી સૂંઢ વડે પાણી ભરી આગ પર છાંટવા લાગ્યું. સૌ ખૂબ ખુશ થયાં, કારણ કે આગ ઓલવાઈ ગઈ.




## ☞ વાતચીત :


- કોણ સૌથી આગળ છે ?
- શિયાળની પાછળ કોણ છે ?
- સૌથી વધારે પાણી કોણ લાવ્યું હશે ?
- ચિત્ર પૈકીનાં કયાં વાસણનાં નામ તમને આવડે છે ?
- સૌથી ઓછું પાણી કોના વાસણમાં હશે ?
- કોણ કોણ ઉપરથી પાણી છાંટી શકે છે ?
- તમે કયું વાસણ લઈને આગ ઓલવવા જશો ?

## અભિનય :

આ વાર્તાને આધારે અભિનય કરાવો :

## દોરાવો :





## રમત :

વિદ્યાર્થીઓને ઘરેથી એક એક વાસણ લાવવા કહેવું. આ વાસણોને વર્ગમાં ગોઠવવાં. એક વિદ્યાર્થી વાસણમાં લખોટી નાંખશે. બીજો એક વિદ્યાર્થી આંખો બંધ રાખીને ઊભો રહેશે. શિક્ષક આંખો બંધ રાખનાર વિદ્યાર્થીને લખોટી કયા વાસણમાં પડી એ અંગે પૂછશે. આ રીતે રમત આગળ વધશે.

ગીત :

# કેમ બોલાવું



ખાતી નથી પીતી નથી, ઢીંગલી મારી બોલતી નથી.
બોલ બા બોલ એને કેમ બોલાવું કેમ બોલાવું ?



ડોલમાં બેસાડી તેને નવરાવું,
ચંપાનાં ફૂલની વેણી ગૂંથાવું.
તો પણ તે બોલતી નથી...

ઘંટી ને ઘૂઘરો આપું છું રમવા,
સોનાના પાટલે બેસાડું જમવા.
તો પણ તે ખાતી રે નથી...

પંખી બતાવું ડાળીએ ઝૂલતાં,
મેના, પોપટ ને મોરલા ટહુકતાં.
તો પણ તે ગાતી રે નથી...

પહેરાવું ઝાંઝરી ને રેશમી ઝબલું,
છુમછુમ નાચું ને વગાડું તબલું.
તો પણ તે નાચતી નથી...

ચાંદામામા તો આકાશે રમતા,
બાબાગાડીમાં ઢીંગીબહેન ફરતાં.
મારે પણ બોલવું નથી...

– મહેન્દ્ર જોષી

◆